137/ઞ

નિયામકશ્રી, આદિજાતિ વિકાસ તથા ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત અને ગુજરાત આદિજાતિ વિકાસ નિગમની વ્યક્તિલક્ષી અને શૈક્ષણિક યોજનાઓમાં આવક મર્યાદા વધારવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:શક્ષણ/૨૦૨૦૨૨/૨૦૨/ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૨/૧૧/૨૦૨૨

**વંચાણે લીધા:**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૪/૧૦/૨૦૧૭નો ઠરાવ ક્ર: છતલ/૧૫૨૦૧૧/૯૮/ ગ
(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૮/૦૯/૨૦૧૫ નો ઠરાવ ક્ર:શક્ષણ/ ૨૦૧૨/ ૧૧૨૭/ ન.બા.૧૫/ગ.
(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૫/૧૨/૨૦૧૪ નો ઠરાવ ક્ર:છતલ/૧૫૨૦૧૨/૯૭/ગ
(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩૦/૦૭/૨૦૧૪ નો ઠરાવ ક્ર:શક્ષણ/૧૫૨૦૧૪/ન.બા.૬૩ /ગ.
(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૩/૨૦૧૯ ઠરાવ ક્ર: સશપ/૧૦૨૦૧૩/ ૪૩૮/અ.૧ (પા.ફા)
(૬) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૯/૦૧/૨૦૨૨ નો સુધારા ઠરાવ ક્ર:વીકેવાય/ ૧૦૨૦૧૮/ ૪૧૦/પી.
(૭) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૯/૧૨/૨૦૨૧ નો સુધારા ઠરાવ ક્ર:વીકેવાય/ ૨૦૨૧/ ૮૭૨/પી
(૮) નિયામકશ્રી(આ.વિ)નો તા.૧૬/૦૪/૨૦૨૨નો પત્ર
(૯) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતનો તા.૧૬/૦૪/૨૦૨૨નો પત્ર ક્ર:VKY/2021/2804/D-SAG/2261-64.
(૧૦) કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમની કચેરીનો તા.૧૬/૦૪/૨૦૨૨ નો પત્ર ક્ર:વસપ/ધિ.વા/વાર્ષિક આવક મર્યદા/૨૦૨૦-૨૩/૩૨૦

**આમુખ:**

આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ નિયામકશ્રી, આદિજાતિ વિકાસ તથા ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત અને ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ હસ્તક વિવિધ વ્યક્તિલક્ષી અને શૈક્ષણિક યોજના ચલાવવામાં આવે છે.

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક:(૧) થી (૭) સામેના ઠરાવોથી નિયામકશ્રી, આદિજાતિ વિકાસ તથા ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત અને ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ દ્વારા વિવિધ વ્યક્તિલક્ષી અને શૈક્ષણિક યોજનામાં આવક મર્યાદા નિયત કરવામાં આવેલ છે.વંચાણે લીધેલ ક્રમાંક: (૮) થી (૧૦) સામેના પત્રોથી નિયામકશ્રી, આદિજાતિ વિકાસ તથા ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત અને ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ દ્વારા વિવિધ વ્યક્તિલક્ષી અને શૈક્ષણિક યોજનામાં આવક મર્યાદા વધારીને રૂ.૬.૦૦ લાખ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, આદિજાતિ વિકાસ તથા ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત અને ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ હેઠળની નીચે મુજબની વ્યક્તિલક્ષી અને શૈક્ષણિક યોજનાઓમાં આવક મર્યાદા વધારીને રૂ.૬.૦૦ લાખ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**(૧) નિયામકશ્રી, આદિજાતિ વિકાસ હસ્તકની યોજનાઓ**

| ક.નં | યોજનાનું નામ |
|---|---|
| ૧ | મેડીકલ, એન્જીનીયરીંગ તથા ટેકનીકલ ડિપ્લોમા અભ્યાસક્રમો માટે શૈક્ષણિક સાધનો ખરીદવા સહાય |

| | |
|---|---|
| ૨ | કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ભોજનબીલ સહાય |
| ૩ | ટેલેન્ટ પુલ સ્કુલ વાઉચર યોજના |
| ૪ | ધો–૯માં અભ્યાસ કરતી અનુ.જનજાતિની કન્યાઓને વિદ્યાસાધના યોજના હેઠળ સાયકલ ભેટ આપવા બાબત |
| ૫ | ટેકનીકલ અને વ્યવસાયિક અભ્યાસક્રમો (આઇ.ટી.આઇ) માટે સ્વામી વિવેકાનંદ શિષ્યવૃત્તિ યોજના |
| ૬ | ખાનગી ટ્યુશન સહાય. |
| ૭ | માનવ ગરીમા યોજના(VKY-17) |
| ૮ | વ્યક્તિગત આવાસ યોજના તથા હળપતિ આવાસ યોજના(VKY-32) |
| ૯ | કુવરબાઇનું મામેરૂ યોજના અને સાત ફેરા સમૂહ લગ્ન યોજના(VKY-34) |
| ૧૦ | મફત તબીબી સહાય યોજના (VKY-31) |
| ૧૧ | સરકારી છાત્રાલયોનો નિભાવ અને વિકાસ(VKY-12) |
| ૧૨ | ગ્રાંટ ઇન એઇડ છાત્રાલયો |

**(૨) કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમની હસ્તકની યોજનાઓ**

| અ.નં | યોજનાનું નામ |
|---|---|
| ૧ | સ્વરોજગારી વ્યક્તિગત યોજના(VKY-61) |

**(૩) કાર્યપાલક નિયામકશ્રી, ડેવલમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતની હસ્તકની યોજનાઓ**

| અ.નં | યોજનાનું નામ |
|---|---|
| ૧ | મેડીકલ અને એંજીનીયરીંગ પ્રવેશ કોચિંગ યોજના.(VKY-16) |
| ૨ | જી.પી.એસ.સી પ્રિલિમ્સ પ્રવેશ કોચિંગ યોજના (VKY-16) |

**શરતો:**

(૧) સદરહુ યોજનાઓના ભૌતિક લક્ષ્યાંકમાં વધારો કર્યા સિવાય આવક મર્યાદાનું ધોરણ વધારી રૂ.૬.૦૦ લાખ કરવામાં આવે છે.

(૨) ઉક્ત યોજનાઓ માટે મળેલ અરજીઓ પૈકી ઓછી આવક ધરાવતા લાભાર્થીઓની અરજીઓને અગ્રતા આપવાની રહેશે.

(૩) જે તે નાણાકીય વર્ષના અંતે બાકી રહેતા લાભાર્થીઓને આગામી નાણાકીય વર્ષમાં કેરી ફોરવર્ડ કરી શકાશે.

આ ઠરાવ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની ફાઇલ ક્રમાંક.SJED/ASO/E-File/172022/0052/G પર નાણા વિભાગની તા.૩૦/૧૦/૨૦૨૨ની નોંધથી તેમજ સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

૦૮ ૧૧ ૨૦૨૨

(એમ.આર.ડામોર)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(આ.વિ.), કમિશનર (આ.વિ)ની કચેરી, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

139/

- મુખ્ય સ્થપતિ અધિકારીશ્રી (માર્ગ અને મકાન), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.વિ), સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (નિયામકશ્રી (આ.વિ)મારફત)
- સર્વે મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, તમામ જિલ્લાઓ (નિયામકશ્રી (આ.વિ)મારફત)
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ગ્રાન્ટની ફાળવણી બાબતે આ ઠરાવમાં સૂચવ્યા મુજબની જરૂરી કાર્યવાહી માટે)
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,આ.વિ.વિ ની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૨

રવાના કર્યું
સહિ.
તા. 2/11/22

F:\swaraj Work\Tharav\SXN-202022-202 New.docx